ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભાવ વધારે વધી મોંઘવારી ચપેટમાં લે છે!*
*સત્તા ચગી દંભીમાં પ્રજાને લપેટમાં લે છે!*
*પપેટ બની નાચે નેતાઓ સત્તા-લોભની દોરીથી -*
*દેવામાં ડૂબેલાને 'આત્મહત્યા' ઝપેટમાં લે છે...*

### હાઈકુ

*નિકળે તેલ -*
*મોંઘવારી ઘાણીએ -*
*પિલાય પ્રજા !*

*રક્ષકો લૂંટે -*
*પ્રજાની કેડ તૂટે,*
*ધીરજ ખૂટે...*

### ચિંતન

**મિત્રે અન્ય મિત્ર સુગુણાન, કીર્તિયંદ ભેદન હિતત્ ।**
**મિત્ર દંડો ન કરિષ્યતે, મૈત્રી મેવં વિદોઅસિ ચેત ॥**

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

એક મિત્ર પાસે, અન્ય મિત્રના ઉત્તમ ગુણોના વખાણ કરવા એ મિત્રો વચ્ચે ભેદનીતિ મિત્ર પ્રત્યે ભેદવ્યવહાર કર્યો કહેવાય. આ પ્રકારના ભેદ વ્યવહારથી મૈત્રીવ્યવહારમાં, પરસ્પર શંકા આશંકા ઊભી થઈ. 'ભેદ' અર્થાત્ 'તિરાડ' ઊભી થાય છે અને આખરે મિત્રએ કહેવું પડે છે કે જો તું મારી સાથે બેવડા માપદંડ અજમાવીશ તો, એક દિવસ, મારે તારી મૈત્રીનો ત્યાગ કરવો પડશે. મિત્રોમાં આવો વ્યવહાર કે આ પ્રકારની વાતચીત થાય એને દંડવ્યવહાર કહેવાય.

આમ મિત્ર અને મૈત્રી વ્યવહારમાં પણ લોકો સામદામ દંડ અને ભેદની નીતિ અપનાવે છે. જે યોગ્ય નથી. મૈત્રીભાવમાં 'નિખાલસતા' વિશાળ ઔદાર્ય, 'ક્ષમા' અને 'ત્યાગ' નું મહત્ત્વ છે. આ ગુણો હોય (બંને પક્ષે) તો જ મૈત્રી સરળ અને કાયમી ચાલે છે.

છેતરપીંડી અને સ્વાર્થના સંબંધોને તમે કોઈ પણ નામ આપી શકો ! પણ 'મૈત્રી' તો ન જ કહેવાય. કારણ કે મૈત્રીમાં આવતા આ અવગુણો 'મૈત્રી'ને કલંક લગાડે છે. આઘાત પહોંચાડે છે અને મિત્રો મૈત્રી બાંધતા ડરે છે.

### સુવિચાર

- ઉમ્ર જાયા કરદી ઔરોં કે વજૂદ મેં નૂક્સ નિકાલતે નિકાલતે,
  ઈતના ખુદ તો તરાશતે તો ખુદ ખુદા હો જાતે - **બંસીરામ**
- ખરું શાણપણ કયું ? કોઈ પણ વાત બદલ શોક ન કરવો તે - **રત્ન માલા**
- આ દુનિયાથી કોઈ ફાયદો ઉઠાવવાથી પરલોકમાં તેનાથી સો ગણું નુકશાન ભોગવવું પડે છે - **ફઝલ સાબરી**
- પોતાના નામને કમળની જેમ નિષ્કલંક બનાવ - **લોંગ ફેલો**
- જે ગરીબોને આપે છે તે પ્રભુને ધીરે છે - **સોલોમન**
- અભાગી તરફ જુઓ, તેઓ બુદ્ધિધન વિનાનો જ હશે - **ચાર્લ્સ યંગ**
- આજનું ઔષધ - સિંધવ નમક સાથે જાંબુ ખાવાથી દુઝતા હરસમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માંગરોળના દરબાર ચંદનસિંહને દારુનું વ્યસન હતું. ઘરના સૌ પરેશાન હતા. પણ એમના ઉગ્ર સ્વભાવને કારણે એમને કોઈ કંઈ જ કહી શકતું ન હતું. લગ્નની વય વખતે આ વ્યસનની વાત ફેલાઈ જવાથી કોઈ એમને ત્યાં દીકરી આપવા તૈયાર ન હતું. એવામાં ધ્રાંગધ્રાના કુંવરી ભક્તિબા સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગમાં ઉછરેલા. આશ્ચર્યની સાથે તેમના લગ્ન - માંગરોળ દરબાર સાથે થયા. ભક્તિબા રૂપ-રૂપનો અંબાર તેમજ ધર્મપાલનમાં પણ ડૂબેલા. તેમનાથી બાપુ પણ પ્રભાવિત થયા હતા. એક વાર રાત્રે નશાની તૈયારી કરતા બાપુને ભક્તિ બાએ કહ્યું, 'મને એક વચન આપો !' બાપુએ પાળ બાંધી કહ્યું, 'દારૂ છોડવા સિવાયનું કોઈ વચન માંગજો.' ભક્તિબાએ કહ્યું 'ભલે તમે દારુ ન છોડશો પણ જાતે ન પીશો. હું જામ બનાવીને આપુ ત્યારે મારા હાથે આપ પીજો.' ચંદનસિંહ ભક્તિબાના પ્રભાવમાં હતા જ. આવી ભક્ત પવિત્ર સ્ત્રી દારૂને અડે !! એમને આ વાત ડંખી ગઈ, અને દારુની લતને એ જ વખતે તિલાંજલિ આપી. ભક્તિબાએ એમના ધર્મ અને ઘરકામ અંગે દરબારના હૃદયમાં એવું સ્થાન બનાવ્યું કે તેઓ દરબારને દારૂનું વ્યસન પ્રેમથી છોડાવી શક્યા.

# અંડરવર્લ્ડનો સંબંધ આજકાલનો નથી

**તંત્રીસ્થાનેથી...**

સૌ જાણે છે કે દુનિયાના ઘણા દેશોમાં માફિયા જ પોતાને અનુકૂળ આવે એવી સરકાર લાવવા પ્રયાસ કરે છે. ભારતમાં પણ 'અંડરવર્લ્ડ' તરીકે ઓળખાતી એક અત્યંત શક્તિશાળી લોબી સવિશેષ દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સક્રિય રહેતી આવી છે. કાળક્રમે એની તાકાતમાં વધઘટ જરૂર થતી રહી છે - પરંતુ એ નામશેષ થઈ છે એમ કહેવું એ તો સૂરજને છાબડી હેઠળ ઢાંકવા જેવી વાત ગણાશે. દાણચોરીનો ધંધો કરી મબલક કમાણી કરતા આ માફિયા સરકાર પર અંકુશ રહે તે માટે તમામ રાજકીય પાર્ટીઓમાં પોતાનાં પ્યાદાં ઘુસાડતા રહેતા. એમના ઈશારે જ એમનાં નાણાંના જોરે અને મસલ પાવરથી ચૂંટાયેલા ધારાસભ્યો અને સાંસદો નાચતા રહેતા અને છેક દિલ્હી દરબાર સુધી એમની ધાક રહ્યા કરતી. તાજેતરમાં રાજયસભાના શિવસેનાના નેતા સંજય રાઉતે અંડરવર્લ્ડ માફિયા કરીલ લાલાને તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી સામે ચાલીને મળવા જતાં - એવું નિવેદન કરતાં કોંગ્રેસી નેતાઓ અકળામણ અનુભવે છે, પરંતુ એ જમાનો જ અંડરવર્લ્ડ માફિયાઓનો હતો. કરીમ લાલા, હાજી મસ્તાન અને શુકર બખિયા જેવા દાણચોરો એમની શરતે મદદ કરતા, અઢળક નાણાંની રેલંછેલ કરતા અને જરૂર પડ્યે મસલ પાવર, ધાકધમકી દ્વારા ધાર્યા ઉમેદવારને જિતાડી દેતા, તો એક વણલખ્યું સત્ય હતું. સંજય રાઉત જરા બોલકા અને ઉત્સાહી પ્રવક્તા છે એટલે એ આવાં છુપાવી રાખવા લાયક સત્ય સહેલાઈથી રજૂ કરી અળખામણા બનો છે. આખરે માત્ર ઈંદિરા ગાંધી જ નહીં, ખુદ બાલાસાહેબ ઠાકરે અને શરદ પવાર પણ કરીમ લાલાને મળવા જતા હતા, તે મુંબઈ આખું જાણે છે. કરીમ લાલા મૂળે પઠાણ, એમનું વર્ચસ્વ પણ ભારે. કરીમ લાલાના પૌત્રે એમના દાદાના આ તમામ નેતાઓ સાથો ફોટા જાહેર કરી કોંગ્રેસીઓની બોલતી બંધ કરી દીધી છે. રાજકારણમાં રહીને સ્વચ્છ છબી રાખવાની વાતો કરવી સહેલી હશે, પરંતુ એની અંદરની હકીકત કંઈક જુદી જ હોય છે. અમદાવાદમાં લતીફ ગેંગ અને મુંબઈમાં દાઉદ ઈબ્રાહીમની ડી-કંપની ઉપરાંત અરુણ ગળવી જેવા માફિયાઓનું કેટલું વર્ચસ્વ હતું તે કોઈથી અજાણ્યું નથી. છોટા રાજન અને ગળવી કે દાઉદની અંદરોઅંદરની ગોલાલડાઈ પણ જાણીતી છે. મુંબઈ દેશની આર્થિક રાજધાની છે એમ એ ખંડણીખોરોનું પણ સ્વર્ગ રહ્યું છે. દિલ્હીનું મયૂરાસન મુંબઈનાં નાણાં વગર હસ્તગત કરવું અશક્યવત જ છે; એ જ રીતે મોટા બજેટવાળી ફિલ્મોનું ફાઈનાન્સિંગ પણ મહદંશે અંડરવર્લ્ડ હસ્તક જ રહેતું આવ્યું છે. કાળક્રમે રાજકારણ અને સિનેજગતમાં આવાં તત્ત્વોએ એ હદે પગદંડો જમાવ્યો છે કે હવે ભાગ્યે જ કોઈ રાજકારણી આવા ધમતીધર માફિયાઓ સાથે ફોટા પડાવતાં સંકોચ અનુભવતો હશે. રાજકારણમાં ઘૂસેલી મની-મસલ પાવરની માફિયાગીરીથી અલગ રહેવા ઈચ્છતો નેતા ડિપોઝીટ ગુમાવે છે.

# બાંટને સે જ્ઞાન દો કા ચાર હો જાતા હૈ, ઔર ના બાટને સે દો કા ઝીરો



ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

**બાંટને સે જ્ઞાન દો કા ચાર હો જાતા હૈ, ઔર ના બાટને સે દો કા ઝીરો**
**- સુપર ૩૦**

૨૦૧૯માં આવેલી 'સુપર ૩૦' વિકાસ બહલ દ્વારા દિગ્દર્શિત અને હિતિક રોશન દ્વારા અભિનિત હતી. ૨૦૧૯ની સફળતમ ફિલ્મોમાંની એક આ ફિલ્મ માનવામાં આવે છે. ફિલ્મમાં આ સિવાય વિરેન્દ્ર સક્સેના, આદિત્ય શ્રીવાસ્તવ, અને પંકજ ત્રિપાઠી જેવા ધરખમ કલાકારોએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

આ ફિલ્મની કથા આમ તો આનંદ કુમાર નામક વ્યક્તિની સાચી કથા છે, પરંતુ છતા આ ફિલ્મની કથા સંજીવ દત્તાએ લખી હતી.




ફિલ્મમાં આ સંવાદ વિરેન્દ્ર સક્સેના દ્વારા બોલવામાં આવ્યો છે. જેણે ફિલ્મમાં હિતિક રોશનનાં પિતાનો રોલ કર્યો હતો.

આમ જોવા જઈએ તો જે વાત અઢળક વાર આપણાં શાસ્ત્રોમાં કહેવાઈ ચૂકી છે, તે જ વાત આ ફિલ્મમાં કહેવામાં આવી છે.

સુભાષિત રત્નભાણ્ડાગારમાંથી આવા જ પ્રકારનો એક પ્રચલિત શ્લોક મળી આવે છે.

**અપૂર્વ કોડપિ કોશોડયં વિદ્યતે તવ ભારતિ ।**
**વ્યયતો વૃદ્ધિમાયાતિ ક્ષયમાયાતિ સંચયાત ॥**

હે સરસ્વતી, તમારો ખજાનો અમૂલ્ય અને અજોડ છે, કે જેને વાપરવામાં આવે તો વધતો રહે છે,અને સંગૃહિત કરવામાં આવે તો તેનો ક્ષય થાય છે.

વિદ્યા નામક આ ધન એવું છે,જેને કોઈ ચોરી નથી શકતું,જેમાં કોઈ ભાગ પાડી શકતું નથી.

વાત ૨૦૧૯ની હોય કે બીજી-ત્રીજી શતાબ્દીની હોય, વિદ્યાનું મહત્ત્વ હંમેશા રહેવાનું જ છે. તે તથ્ય કોઈ બદલી શકે તેમ નથી.

- jayuoza@gmail.com
Mo.9898046488

# ચારણી સાહિત્યનું સાંગોપાંગ તેમજ પ્રભાવી દર્શન



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ચારણી સાહિત્ય અને ચારણ કવિઓની વાત આજે પણ અનેક સમારંભોમાં કે કાર્યક્રમોમાં નિરંતર થતી રહે છે. આજના યુગના સંદર્ભમાં તેનું સાંપ્રત મૂલ્ય શું છે તેવો પ્રશ્ન કદાચ કોઈના મનમાં થાય તો તે સ્વાભાવિક છે. ચારણી સાહિત્યના સાંપ્રત મૂલ્ય અંગે ૧૯૪૨ માં ઝવેરચંદ મેઘાણીએ જે વાત કરી હતી તેમાં કદાચ આ પ્રશ્નનો તર્કબધ્ધ ઉત્તર મળી રહે છે. ૧૯૪૨ માં ચારણી સાહિત્ય તેમજ લોકસાહિત્યના મર્મી મેઘાણીને તત્કાલિન ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી એક નિમંત્રણ મળે છે. વર્નાક્યુલર સોસાયટીએ તેમને 'ચારણી સાહિત્ય' પર અમદાવાદમાં વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ પાઠવેલું હતું. આ સંદર્મમાં ચારણી સાહિત્યના કોઈપણ કાળમાં સાંપ્રત મૂલ્ય બાબત મેઘાણીભાઈએ જે જવાબ આપ્યો તેનું ઐતિહાસિક મૂલ્ય છે. મેઘાણી કહે છે કે 'ચારણો તથા ચારણી સાહિત્ય' એ વિષય પાસે ગુજરાત તથા પ્રસ્તુત કાળના નૂતન આત્મભાનમાં કોઈ ફાળો આપવાનો ન હોત તો માત્ર આ સાહિત્યની પુરાતનતાને કારણેજ કદાચ વર્નાક્યુલર સોસાયટીએ આ સાહિત્ય અંગેના વ્યાખ્યાનનું આયોજન ન કર્યું હોત. ચારણી સાહિત્યની વિપુલતા તેમજ ભાતીગળ વિવિધતા તો છેજ. પરંતુ તે ઉપરાંત લાંબા કાળનું સંસ્કારધન તથા ઈતિહાસધન તેમાં અણપ્રીછ્યું પડેલું છે. મેઘાણીના મતે ચારણી સાહિત્યના આ બળને કારણેજ તેના પ્રવચનો ગોઠવાય છે તેમજ સંભળાય છે. પ્રશંસા તેમજ આદરના ભાવ સાથે દરેક કાળમાં બહોળા લોક સમૂહે લોકસાહિત્ય તેમજ ચારણી સાહિત્યના વધામણાં કર્યા છે. મધ્યયુગ ચારણોના કીર્તિ સાગરનું ગાન સંભળાવે છે તેનું કારણ આ સાહિત્યમાં ઉમદા તથા ઉજ્વળ માનવીય ગુણોને ગૌરવાન્વીત કરવામાં આવેલા છે તે છે. શસ્ત્રોના ખણખણાટ તથા જાતવાન અશ્વોના હણહણાટ સાથે નામી – અનામી વીરોની વીરતાનો પ્રતિઘોષ આ સાહિત્યમાં ખૂબીપૂર્વક ઝીલાયો છે. આ પૂર્વભૂમિકાના સંદર્ભમાં જોઈએ તો ડૉ. અંબાદાન રોહડિયાનું વિવિધ સંદર્ભે ચારણી સાહિત્યનું આચમન એ સ્તુત્ય પ્રયાસ છે. સાંપ્રત કાળમાં તેનું એક વિશેષ મૂલ્ય છે. ડૉ. અંબાદાનભાઈના આ પુસ્તકના લખાણો આ વિષયમાં રસ ધરાવતા અધ્યાપકો તેમજ અનેક સાહિત્ય મર્મીઓને ઉપયોગી થશે. અંબાદાનભાઈની અધ્યાપકીય સાધના વણથંભી રહી છે તે નોંધપાત્ર બાબત છે. આપણાં સંત સાહિત્ય કે બંગાળના બાઉલ સાહિત્યે સમાજ પર ઊંડો પ્રભાવ પાડેલો છે. ચારણી સાહિત્ય પણ આ ઉજ્વળ તેમજ પ્રભાવી પરંપરાનો એક મહત્વનો મણકો છે. ચારણી સાહિત્યના વિવિધ સ્વરૂપોનું અભ્યાસપૂર્વકનું આચમન આપણાં સુધી પહોંચાડવા માટે ડૉ. અંબાદાન રોહડિયા અભિનંદનને પાત્ર છે.

ચારણ કવિઓ તેમજ ચારણી સાહિત્યને ગુણાનુરાગી રાજવીઓ તરફથી બળ મળ્યું છે તે નિઃસંદેહ છે. પરંતુ માત્ર રાજ્ય આશ્રયને કારણે ચારણી સાહિત્યકારોએ સત્ય હકીકતોને કોરાણે મૂકી નથી. આથીજ આ સાહિત્ય તેમજ સાહિત્યકારોની એક વિશિષ્ટ પ્રતિભા પ્રસ્થાપિત થઈ છે. સત્યવક્તાના ગુણો ચારણી સાહિત્યને સહજાત છે. પોતાનો સ્વાર્થ કે સલામતીની અવગણના કરીને પણ ચારણ કવિઓએ સત્તાધિશોને સાચી વાત મોઢામોઢ સંભળાવી છે. દુહો કહેવાયો છે :

સત્યવક્તા રંજન સભા
કુશળ દીન હીત કાજ,
બેપરવા દિલકા બડા
વો સચ્ચા કવિરાજ.

સાંભળનારા રાજવીને કડવું કે અપ્રિય લાગે તો પણ સત્યનો ઘોષ ગજવીને ચારણી સાહિત્યે એક ગૌરવયુક્ત પરંપરાનું નિર્માણ કરેલું છે. તેથીજ સમાજમાં તેની વિશેષ વિશ્વસનીયતા પ્રસ્થાપિત થઈ છે. 'અકબર ધી ગ્રેઈટ' તરીકે જાણીતા બાદશાહના દરબારમાં ઉત્તમ કવિત્વ શક્તિ તેમજ તેટલાજ ઉત્તમ માનવીય ગુણો ધરાવતા કવિ દુર્શાજી આઢા હતા. બાદશાહ અકબરના તેઓ પ્રીતિપાત્ર હતા. રાજપૂતાનાનો સમગ્ર ઈતિહાસ બાદશાહ અકબર સાથે આજીવન સંઘર્ષ કરીને પોતાની નેક ટેક જાળવી રાખનાર મહારાણા પ્રતાપની વીરતાના ગુણો ગાતા થાકતો નથી. આ સંદર્ભમાં બાદશાહ અકબરના આ માનીતા કવિ દુર્શાજી આઢાએ મહારાણા પ્રતાપની વીરતાને બીરદાવતા બળકટ દુહાઓ રચ્યા હતા અને તે કાળમાં પણ લોક આદર પામ્યા હતા. આ ઘટના દુર્શાજીની વ્યક્તિ નહિ પણ ગુણપૂજાની ઉજ્વળ પરંપરાનું સ્પષ્ટ દર્શન કરાવે છે. મહારાણા પ્રતાપના શત્રુના રાજ્યમાં વીર પ્રતાપના ગુણોની આ ઉજળી તેમજ ખુલ્લી પ્રશસ્તી દુર્શાજી સમાન કવિઓની ઊંડી આંતરિક શક્તિ તેમજ કર્તવ્યનિષ્ઠાનું ઝળહળતું પ્રમાણ પૂરું પાડે છે. દુર્શાજી લખે છે :

અકબર ઘોર અંધાર,
ઊંઘાણાં હિન્દુ અવર,
(તેમાં) જાગે જગદાધાર,
પહોરે રાણા પ્રતાપસી.

સમગ્ર રાજપૂતાનાની શાન અને બાનના પ્રહરી બનીને ઊભેલા પ્રતાપની આ ઉત્તમ ગુણપૂજા ચારણ કવિની સત્યવક્તા તરીકેની તેમજ નીડર વિચારકની છાપ વિશેષ દ્રઢીભૂત કરે છે. નાયક સાથેજ જ્યાં યોગ્ય લાગે ત્યાં પ્રતિનાયકની પણ આરાધના કરવાનું આ સાહિત્યકારો ચૂક્યા નથી. આપણાં શાસ્ત્રોએ પણ પાર્થની સાથેજ કર્ણની વીરતાને પણ ખોબે અને ધોબે બીરદાવી છે તેનું પ્રતિબિંબ ચારણી સાહિત્યે સુરેખપણે ઝીલ્યું છે. ઉદેપુરના રાણા ફત્તેસિંહજીને લોર્ડ કર્ઝનના દરબારમાં હાજરી આપતા રોકવા માટે કવિ ઠાકુર કેસરીસિંહજી બારહટ્ઠે કેટલાક સોરઠાઓ લખીને મહારાણાને મોકલ્યા હતા. મહારાણા તો આ દુહાઓના શબ્દની અસરકારકતાથી વિંધાયા અને લોર્ડ કર્ઝનના દિલ્હી દરબારમાં હાજર ન રહ્યા.પરંતુ કવિરાજા કેસરીસિંહજી તેમજ તેમના સમગ્ર પરિવારને બ્રિટીશ સત્તાધિશોની ખફગીનો ભોગ બનવું પડ્યું. કવિને તેનો કોઈ વસવસો ન હતો. આવી સાર્થક વાતો – ઘટનાઓ સાથે ભાઈ શ્રી અંબાદાનભાઈના ચારણી સાહિત્યને કેન્દ્રમાં રાખીને લખાયેલા આ હેતુપૂર્ણ અભ્યાસગ્રંથનું સ્વાગત છે. કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં દસ્તાવેજીકરણનું કોઈપણ કામ એ મૂલ્યવૃધ્ધિ કરી શકે છે. તે રીતે પણ આવા પ્રયાસનું એક વિશેષ મહત્વ છે.

# મહાત્મા ગાંધી કરકસર કરતાં કંજૂસી નહીં





ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધી કંજૂસ ન હતા. પરંતુ કરકસરનો સ્વભાવ તેમનો હતો. કેમ ન હોય ? જે દેશની મોટા ભાગની વસ્તી ગરીબી હેઠળ જીવતી હોય તેમનો નેતા તો આવો જ હોવો જોઈએ ને? ગાંધીના સમગ્ર જીવનમાં કરકસરના અનેક પ્રસંગો અવારનવાર મળી આવે છે. એકવાર નોઆખલીમાં મનુબેને નોંધેલો પ્રસંગ જોવા જેવો છે.

**ગાંધી કોઈને કહેવા કરતાં કરવામાં માનતા હતા**

સવારના પીવાના ગરમ પાણીને જરા મોડું થયું. ત્યાંની હવા ખૂબ જ ભેજવાળી હોવાથી ચૂલો સળગતો ન હતો. એટલે સાડીની એક કિનારી ફાડીને મેં ઘાસલેટમાં બોળી. પાછળથી બાપુજીએ જોઈ ગયા. હું જયાં સળગાવવાની તૈયારી કરતી હતી ત્યાં બાપુજીએ મને કહ્યું : ''આ કાકડી બતાવ તો !''

મેં કાકડી બતાવી. બાપુએ કાકડી ઉખાડી. એક નાડી કરી શકાય તેટલી લાંબી એ લીર હતી. મને કહે : ''આને ધોઈ નાખ અને તડકે સૂકવીદે. નાડી થાય એટલે લીર કાકડીમાં વપરાય ? હું કેટલો લોભી છું એની તને ખબર છે ? ગરમ પાણી જરા મોડું મળશે તેની શી ચિંતા ? એક તો એ કાકડીએ કેટલું બધું ઘાસલેટ પીધું, ઉપરાંત લીર પર મારું ધ્યાન ન હોય તો તેય બળી જાય ને ?''

મેં કહ્યું : ''બાપુજી, હવે એવો લોભ શું કામ કરવો ?''

બાપુજીએ મશ્કરી કરી : ''હા, તું તો ઉદાર બાપની દીકરી છો. પણ મારે બાપ થોડા જ છે કે મને તારી જેમ આપે ?'' એટલી મશ્કરી કરી. એકદમ ગંભીરતાથી કહ્યું, : ''મારી મશ્કરીમાં પણ હંમેશા ગાંભીર્ય રહેલ હોય છે, તે ઓળખતાં તું શીખી જશે તો મને બસ છે.''

અંતે એ લીર સુકાણી અને તેનો નાડી તરીકે મારી પાસે ઉપયોગ કરાવ્યો અને પાસે ઘાસ પડેલું હતું તેનાથી ચૂલો સળગાવતાં શીખવ્યું. દેશનાં આટલાં મોટા મોટા કામોમાં પણ આવી નાની નાની બાબતો શીખવવામાં એમને અદ્ભૂત આનંદ આવતો.

બાપુજી હંમેશા સ્વચ્છતા ઉપર ખૂબ જ ધ્યાન આપતા. બહારની સ્વચ્છતા તો બાપુને જોઈએ જ, પણ અંદરની સ્વચ્છતા એ એમના કાર્યનું અનોખું અંગ રહેતું. કદી કોઈ વસ્તુ અસ્વચ્છ થઈ હોય તો સામા માણસને વારંવાર ટોકવાને બદલે પોતે કાર્ય વડે જ બીજાને સ્વચ્છતાનો પાઠ ભણાવે.

નોઆખાલીમાં રસ્તા પગદંડીના નાનકડા હતા. કોઈ કોઈ રસ્તો તો એટલો સાંકળો હોય કે મને પાછળ રાખીને બાપુજી એકલા જ પગદંડી પર ચાલી શકે. એથી મારો ટેકો ન મળે એટલે બીજી તરફ ટેકા માટે એમને લાકડી રાખવી પડે. ગમે ત્યાં ગંદકી હોય એ બાપુને બહુ ખૂંચતું. ખુલ્લા પગે એમને એવા ગંદા રસ્તા પર ચાલવું પડતું.

આજુબાજુમાં મળ, થૂંક, કચરો અત્યાદિ પડેલાં હતા તે બધું આજુબાજુથી પાંદડાં લઈ પોતે સાફ કરવા લાગ્યા. હું થોડી વાર આભી જ બની ગઈ. ગામડાંના લોકો પણ આ દશ્ય જોઈ રહ્યા હતા.

મેં બાપુને ગુસ્સામાં કહ્યું : '' બાપુજી, આપ મને શા માટે શરમાવો છો ? હું અહીં પાછળ હતી, છતાં મને કહેવાને બદલે આપ સાફ કેમ કર્યું ?''

એના જવાબમાં બાપુજી હસ્યા ને બોલ્યા : ''તને કયાં ખબર છે કે મને આવા કામો કરવામાં કેટલો બધો આનંદ આવે છે ? હું કહું એના કરતાં કરી નાંખુ તો મને તકલીફ ઓછી પડે.''